सत्यं शिवं सुन्दरम्

A Synopsis
of The Thesis to be Submitted for
**Ph. D. Degree in Gujarati**
at The Maharaja Sayajirao University of Baroda, Vadodara

ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા
ગુજરાતી વિષયમાં પીએચ.ડી.ની પદવી માટે રજૂ થનાર શોધનિબંધની રૂપરેખા

**Research Topic for Ph. D.**

"A Literary and Cultural Study of Diasporic Trends in the Sellected Writers With Special Reference to Balvant Nayak, Bhanushankar Vyas, Dipak Bardolikar and Panna Nayak"

"પસંદ કરેલ સર્જકોના સાહિત્યમાં ડાયસ્પૉરિક વલણોનો સાહિત્યિક અને સાંસ્કૃતિક અભ્યાસ : બળવંત નાયક, ભાનુશંકર વ્યાસ, દીપક બારડોલીકર અને પન્ના નાયકના વિશેષ સંદર્ભે"

**પ્રસ્તુતકર્તા**
ધોરિયા દિલીપકુમાર રામજીભાઈ
Dhoriya Dilipkumar ramjibhai

**માર્ગદર્શકશ્રી**
ડૉ. કાંતિલાલ માલસતર
Dr. Kantilal Malsatar

Department of Gujarati
Faculty of Arts
The Maharaja Sayajirao Unniversity of Baroda
vadodara

May - 2018

# <u>શોધનિબંધની રૂપરેખા</u>

મારો શોધનિબંધનો વિષય છેઃ 'પસંદ કરેલ સર્જકોના સાહિત્યમાં ડાયસ્પૉરિક વલણોનો સાહિત્યિક અને સાંસ્કૃતિક અભ્યાસ : બળવંત નાયક, ભાનુશંકર વ્યાસ, દીપક બારડોલીકર અને પન્ના નાયકના વિશેષ સંદર્ભે' પ્રસ્તુત શોધનિબંધને સુનિયોજિત બનાવવા તથા દરેક પાસાંને યોગ્ય ન્યાય મળી રહે એ હેતુથી કુલ ૬ પ્રકરણ અને ૬ પરિશિષ્ટોમાં વિભાજીત કરેલ છે. આ શોધનિબંધનો પ્રકરણવાર અનુક્રમ નીચે મુજબ છેઃ


પ્રકરણ ૧.૧ ડાયસ્પોરાઃ સંજ્ઞા અને વિભાવના

૧.૨ ડાયસ્પોરિક સાહિત્ય : સંજ્ઞા, વિભાવના અને લક્ષણો

૧.૩ ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યની વિકાસરેખા

પ્રકરણ ૨.૧ બળવંત નાયક : સર્જક પરિચય

૨.૨ બળવંત નાયકની કવિતામાં ડાયસ્પોરિક વલણો

૨.૩ બળવંત નાયકની વાર્તામાં ડાયસ્પોરિક વલણો

૨.૪ બળવંત નાયકની નવલકથામાં ડાયસ્પોરિક વલણો

૨.૫ બળવંત નાયકના ડાયસ્પોરિક સાહિત્યનું સાંસ્કૃતિક અને સાહિત્યિક મૂલ્યાંકન

પ્રકરણ ૩.૧ ભાનુશંકર વ્યાસ : સર્જક પરિચય

૩.૨ ભાનુશંકર વ્યાસની કવિતામાં ડાયસ્પોરિક વલણો

૩.૩ ભાનુશંકર વ્યાસની વાર્તામાં ડાયસ્પોરિક વલણો

૩.૪ ભાનુશંકર વ્યાસની નવલકથામાં ડાયસ્પોરિક વલણો

૩.૫ ભાનુશંકર વ્યાસના ડાયસ્પોરિક સાહિત્યનું સાંસ્કૃતિક અને સાહિત્યિક મૂલ્યાંકન

પ્રકરણ ૪.૧ દીપક બારડોલીકર : સર્જક પરિચય

૪.૨ દીપક બારડોલીકરની કવિતામાં ડાયસ્પોરિક વલણો

૪.૩ દીપક બારડોલીકરની આત્મકથામાં ડાયસ્પોરિક વલણો

૪.૪ દીપક બારડોલીકરના ડાયસ્પોરિક સાહિત્યનું સાંસ્કૃતિક અને સાહિત્યિક મૂલ્યાંકન

પ્રકરણ ૫.૧ પન્ના નાયક : સર્જક પરિચય

૫.૨ પન્ના નાયકની કવિતામાં ડાયસ્પોરિક વલણો

૫.૩ પન્ના નાયકની વાર્તામાં ડાયસ્પોરિક વલણો

૫.૪ પન્ના નાયકના ડાયસ્પોરિક સાહિત્યનું સાંસ્કૃતિક અને સાહિત્યિક મૂલ્યાંકન

પ્રકરણ ૬ તારણો

પરિશિષ્ટ ૧ A Presentation Under Departmental Coursework (Phase - I) for Ph.D. Students - 'ડાયસ્પોરિક વાર્તાઓ' વિશે

પરિશિષ્ટ ૨ A Presentation Under Departmental Coursework (Phase - II) for Ph.D. Students - 'અમેરિકાવાસી કેટલાક ગુજરાતી સર્જકો' વિશે

પરિશિષ્ટ ૩ A Presentation Under Departmental Coursework (Phase - III) for Ph.D. Students - 'સાહિત્યિક સંશોધકની સજ્જતા'

પરિશિષ્ટ ૪ : સંદર્ભગ્રંથ સુચિ

પરિશિષ્ટ ૫ : વ્યક્તિનામ સુચિ

પરિશિષ્ટ ૬ : કૃતિ સુચિ

❖ પ્રકરણ ૧.૧ ડાયસ્પોરાઃ સંજ્ઞા અને વિભાવના

પ્રસ્તુત પ્રકરણ અંતર્ગત 'ડાયસ્પોરા' સંજ્ઞાના ઉદ્‌ભવથી માંડીને સમય પ્રમાણે બદલાતાં રહેલા તેના સંદર્ભને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. એ માટે Encycloprdia of Americana, Encyclopedia of Britanica, Encyclopedia of Diasporas, The Cambridge paperbak Encyclopedia, Philip's Encylopedia, The new Columbia Encyclopedia, The Macmillan Encyclopedia, Oxford Advanced Learner's Dictionary, હિન્દી શબ્દસાગર, ગુજરાતી-અંગ્રેજી કોશ, ગુજરાતી શબ્દકોશ, વિનીત જોડણીકોશ, મોટોકોશ, સાર્થ જોડણીકોશ, ભગવદ્‌ગોમંડલ, ગુજરાતી વિશ્વકોશ જેવા સંદર્ભગ્રંથો અને William Safaran, Robin Cohen, Khaching Toloyan જેવા વિવેચકોના અભિપ્રાયોનો વિગતે અભ્યાસ કરી ડાયસ્પોરાની સંજ્ઞાને સમજાવી છે. આ ઉપરાંત ડાયસ્પોરાના પ્રકારો વિશે પણ મેં અહીં વિગતે વાત રજૂ કરી છે.

❖ ૧.૨ ડાયસ્પોરિક સાહિત્ય : સંજ્ઞા, વિભાવના અને લક્ષણો

આ પ્રકરણમાં 'ડાયસ્પોરિક સાહિત્ય' સંજ્ઞાને સમજાવવા માટે નિરંજન ભગત, સુમન શાહ, મણિલાલ હ. પટેલ, બળવંત જાની, મધુસૂદન કાપડિયા, પ્રવીણ શેઠ, જગદીશ દવે, ડૉ. ઉર્વી તેવાર વગેરે વિદ્વાનોના મંતવ્યોના આધાર લઈને મેં મારી વાત રજૂ કરી છે. સાથે સાથે ડાયસ્પોરિક સાહિત્યની વિવિધ વિદ્વાનોએ કરેલી વ્યાખ્યાઓને પણ અહીં છણાવટ કરી છે. ગુજરાતી સાહિત્યમાં ડાયસ્પોરિક સાહિત્ય વિશે ઘણા બધા મતભેદો પ્રવર્તે છે આથી જરૂર જણાઈ છે ત્યાં મેં સ્પષ્ટતાઓ પણ કરી છે. ડાયસ્પોરિક સાહિત્યની મહત્ત્વની કહી શકાય તેવી લાક્ષણિકતાઓને અલગ તારવી છે. ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યની સ્મસ્યાઓ અને પ્રશ્નો વિશે પણ મેં અહીં વાત કરી છે.

❖ ૧.૩ ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યની વિકાસરેખા

ગુજરાતી સાહિત્યમાં આધુનિકયુગ એટલે કે લગભગ ૧૯૬૦ પછીથી ડાયસ્પોરિક સાહિત્યનું સર્જન થવા લાગ્યું છે. દેશ વિદેશમાં વસતા ગુજરાતી સર્જકોએ લખેલા ગુજરાતી સાહિત્યને આ પ્રકરણ અંતર્ગત

સમાવ્યા છે. અહીં ઇંગ્લેન્ડ, અફ્રિકા, અમેરિકા, પાકિસ્તાન વગેરે જેવા દેશોમાં વસવાટ કરતાં સર્જકો વિશે વાત કરી છે.

❖ પ્રકરણ ૨.૧ બળવંત નાયક : સર્જક પરિચય

સર્જક બળવંત નાયકના જીવન અને કવન વિશે આ પ્રકરણમાં વાત કરી છે. મારા મતે ડાયસ્પોરિક સાહિત્ય એ સ્થળાંતરના સ્વાનુભવનું સાહિત્ય છે. આથી સર્જકને પોતાના અંગત જીવનમાં થયેલા સ્થળાંતરના અનુભવોને જાણ્યાં વગર તેના સાહિત્યનું મુલ્યાંકન કરવું ગેરવાજબી લાગશે. એટલે સર્જકના જીવન અને તેમને ઘડનારા પરિબળો વિશે અહીં આ પ્રકરણમાં વાત કરી છે.

❖ ૨.૨ બળવંત નાયકની કવિતામાં ડાયસ્પોરિક વલણો

બળવંત નાયક પાસેથી એકમાત્ર કાવ્ય સંગ્રહ 'નિર્ઝરાં' ૧૯૮૪માં મળે છે. આ સંગ્રહમાંની ૧૦૧ રચનાઓમાંથી માત્ર ૨૦ જેટલી રચનાઓમાં ડાયસ્પોરિક લક્ષણો જોવા મળે છે. તેમની કવિતાઓમાં લંડન, તેની નગરસભ્યતા અને આફ્રિકામાંથી ઈદી અમીનના લીધે પોતાને કરવું પડેલું સ્થળાંતર વારંવાર આલેખાયા છે. આ કવિતાઓ વિશે સદૃષ્ટાંત અહીં વાત કરી છે.

❖ ૨.૩ બળવંત નાયકની વાર્તામાં ડાયસ્પોરિક વલણો

બળવંત નાયક પાસેથી એકમાત્ર વાર્તાસંગ્રહ 'સફરનાં સાથી' ૧૯૯૨માં મળે છે. આ સંગ્રહમાં કુલ ૧૬ વાર્તાઓનો સમાવેશ સર્જકે કર્યો છે. તેમાંથી 'નીપા મટોટો', 'નિરધાર', 'અશ્રુઘોષ' અને 'કલંકિની !' નામની ચાર વાર્તાઓ અને શ્રી બળવંત નાયક પરિવાર સંપાદિત 'શ્રી બળવંત નાયક અભિનંદન ગ્રંથ (પંચોતેરમે)'માં સમાવિષ્ટ અગિયાર વાર્તાઓમાંથી 'છીપનું મોતી', 'આવતી કાલે', 'અધુરો શબ્દ', 'લાઈવ ક્યુ', 'પ્રા. સત્યકામ', 'સેકેંડ કાઉ', 'યશોધરાનો ગૃહત્યાગ' અને 'જશોદાની આંખો' જેવી આઠ વાર્તાઓ મળી કુલ બાર વાર્તાઓમાં જ મને ડાયસ્પોરિક સંવેદન આલેખન પામ્યું હોય તેવું લાગ્યું છે. એટલે અહીં માત્ર આ બાર વાર્તાઓ વિશે જ મેં ચર્ચા કરી છે.

❖ ૨.૪ બળવંત નાયકની નવલકથામાં ડાયસ્પોરિક વલણો

બળવંત નાયક પાસેથી કુલ ચાર નવલકથાઓ મળે છે. 'મૂંગા પડછાયા' (૧૯૬૦), 'વેડફાતાં જીવતર' (૧૯૬૨), ' – ને ધરતીને ખોળે નરક વેરાયું' (૧૯૯૭) અને 'કંચન કાયા અને કામિની'. આ ચારમાંથી ચોથી નવલકથા મને ગુજરાત ભરની યુનિવર્સિટીઓ અને અન્ય ગ્રંથાલયોમાં શોધવા છતાં પણ મળી નથી. આ નવલકથા વિશે 'શ્રી બળવંત નાયક અભિનંદન ગ્રંથ (પંચોતેરમે)'માં માત્ર તેની પ્રસ્તાવના મળે છે. આ નવલકથાનું પ્રકાશન વર્ષ પણ ક્યાંય મળતું નથી. વળી, ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં કે અન્ય સંદર્ભગ્રંથોમાં પણ આ નવલકથા વિશે કોઈ ઉલ્લેખ જોવા મળતો નથી. એટલે મારો પ્રયત્ન ચાલે જ છે કે જેમ બને તેમ જલ્દીથી આ નવલકથા શોધવી.

'મુંગા પડછાયા' સર્જકની ૧૯૬૦માં પ્રગટ થયેલી પહેલી નવલકથા છે. આફ્રિકન ગુલામી પ્રથાની આપવીતી આ કૃતિમાં આલેખન પામી છે. આફ્રિકાની ગુલામી પ્રથામાં આરબોનો જે અમાનુષી ત્રાસ હતો તેની ભયાનકતા અહીં સહજ આલેખાઈ છે. અલબત્ત, કથાનો મુખ્ય વળાંક આ અમાનુષી પ્રથાનો નાશ જે રીતે થાય છે ત્યાં રહેલો છે. કેમ કે, આરબોની આ જોહુકમી એક આરબ દ્વારા જ ખતમ થાય છે. કથાને વેગ આપવા નારીની ભાવ-સંવેદના, મુક્તિની ઝંખના અને માનવમનની વ્યથા આ નવલકથાને જીવંત રાખે છે. આ કથાના ઘટના તત્ત્વોમાંથી લેખક લોકમાનસની બે સામસામી પરિસ્થિતિનું આલેખન કરે છે. સત્તા અને શોષણ, આધિપત્ય અને ગુલામી વગેરે જેવા કેન્દ્રો આલેખી સર્જક નવલકથાને કલાઘાટ આપવામાં કામયાબ નીવડે છે.

'વેડફાતાં જીવતર' ૧૯૬૨માં પ્રગટ થયેલી તેમની બીજી નવલકથા છે. જેનું કથાવસ્તુ આફ્રિકાના જીવન પર આધારિત છે. અહીં એક એવા કુટુંબની વાત છે કે જેમાંથી નવલકથાનું ઘટનાજગત અલગ અલગ પાંખોમાં વિસ્તરે છે. પારાવાર સંઘર્ષ વચ્ચે જીવતી માતાના ત્રણ સંતાનોમાંની નાની પુત્રીની આસપાસ કથાનો તંતુ વણાયેલો જોવા મળે છે. કૃતિ પૂર્ણ રીતે કલાઘાટ પામે એવી સર્જકની ખેવના અહીં જોવા મળે છે. કેમ કે, તેમણે દરેક પાત્રને સંઘર્ષ કરતાં બતાવી જીવંત રાખ્યાં છે. તેમજ આ પાત્રો જોમદાર સંવાદોને કારણે વાચકને જકડી રાખે છે. તેનું

એક જ ઉદાહરણ જોઈએ તો, 'દક્ષિણ આફ્રિકાની ધરતીનો ઇતિહાસ એટલે સુધરેલી લેખાતી માનવજાતના કલંકનો ઇતિહાસ... .નીતિ, ન્યાય અને નિયમને આ ધરતી સાથે કશી લેવાદેવા નથી.... આજ ભલે ગોરાઓની હશે, આવતી કાલ અમારી થશે." આ સંવાદમાં ખુમારી જોવા મળે છે. આવી તો કેટલીયે ક્ષણો સુપેરે પ્રગટ થતી જોવા મળે છે.

'–ને ધરતીને ખોળે નરક વેરાયું'(૧૯૯૭)માં ઈદી અમીને ઈ.સ.૧૯૭૨માં યુગાન્ડાવાસી એશિયનોને ઘર, વ્યવસાય અને બીજી તમામ પ્રકારની માલમિલકત છોડી દેશબહાર નીકળી જવાની નેવું દિવસની મહોલત આપી હતી તે જ વાસ્તવિકતાનું યથાતથ ચિત્રણ આલેખાયેલું છે. ઈદી અમીનના ભયથી નાયિકા અસ્મિતા પોતાના કુટુંબ સાથે લંડન જવા તો નીકળે છે પરંતુ રસ્તામાં જ કોન્ડોના હાથે પોતાની નજર સામે મા-બાપ અને પતિની હત્યા થાય છે. આવા કરુણગર્ભ સાથે નવલકથા આરંભાય છે. ગર્ભવતી નાયિકા આવી ભયાનક પળને સાથે લઈને બ્રિટનમાં આવીને વસે તો છે પણ ભૂતકાળની કડવી યાદો તેને કોરી ખાય છે. એક બાજુ લંડનમાં સ્થાયી થવાની મથામણ છે, સાથે ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યો જેવાં કે બાળકોનો ઉછેર, તેમના જીવન ઘડતરની ચિંતા વગેરે પણ છે અને બીજી બાજુ ઉચ્ચ અભ્યાસ કરે છે, નોકરી કરે છે, જેના લીધે તે બે સંસ્કૃતિઓ વચ્ચે ભીંસાય છે. બે સંસ્કૃતિ વચ્ચે ભીંસાવવાની વેદના અસહ્ય છે. નાયિકા જે કંપનીમાં નોકરી કરે છે તે કંપનીના માલિક માર્ટિન સાથે પ્રેમસંબંધ બંધાય છે. જેની જાણ પોતાના સંતાનોને પણ છે. જ્યારે તેનો આ પ્રેમસંબંધ દેહસંબંધ સુધી પહોચે છે ત્યારે પોતાને ગર્ભ રહી ગયો હશે એવી શંકા થાય છે પણ આખરે તેની શંકા ખોટી સાબિત થાય છે. સર્જકે આ નવલકથાને સુખદ અંત આપ્યો છે.

❖ ૨.૫ બળવંત નાયકના ડાયસ્પોરિક સાહિત્યનું સાંસ્કૃતિક અને સાહિત્યિક મૂલ્યાંકન

અહીં બળવંત નાયકના સમગ્ર સર્જનનું આહિત્યિક અને સાંસ્કૃતિક મૂલ્યાંકન રજૂ કર્યું છે. તેમના સાહિત્યમાં ભારત પણ છે, આફ્રિકા પણ છે અને લંડન પણ છે. વળી સર્જક પોતે એક વખત સ્વેચ્છાએ અને

બીજી વખત અનિચ્છાએ સ્થળાંતરનો અનુભવ ધરાવે છે. આથી આ બન્ને અનુભૂતિઓ તેમને સાહિત્ય સર્જનમાં મદદગાર સાબિત થાય છે તેવું તેમના સાહિત્ય સર્જનને આધારે કહી શકાય.

પ્રકરણ ૩.૧ ભાનુશંકર વ્યાસ : સર્જક પરિચય

ભાનુશંકર ઓધવજી વ્યાસના જીવન ઝરમરની મહત્ત્વની તવારીખો અને તેમને સાહિત્યકાર તરીકે ઘડનારા પરિબળો અને સાહિત્યસર્જન માટેના પ્રેરકબળોની પણ અહીં વાત કરી છે.

❖ ૩.૨ ભાનુશંકર વ્યાસની કવિતામાં ડાયસ્પોરિક વલણો

ભાનુશંકર વ્યાસ પાસેથી 'પરિવેશ' (૧૯૫૭), 'સંકેત' (૧૯૬૬), 'સંનિવેશ' (૧૯૭૧), 'સમીર' (૧૯૭૨), 'પ્રસ્પન્દ' (૧૯૭૩), 'તરંગ' (૧૯૭૪), 'પદરવ' (૧૯૭૪) જેવા કાવ્યસંગ્રહો મળ્યાં છે. આ સંગ્રહોના કાવ્યોમાં માતૃભૂમિ પ્રત્યેની લાગણી, સ્વજનો, બાળપણ, ભારતીય સંસ્કૃતિ, ધાર્મિકતા, લોકપરંપરા અને અધ્યાત્મ, સમય સાથે બદલાતાં સમાજ, બદલાતાં ભારતનું દૃશ્ય અને વતન વિચ્છેદની પીડા વગેરે જેવા વિષયો અહીં સર્જકી આલેખ્યાં છે. જેનાં વિશે વિગતે વાત રજૂ કરી છે.

❖ ૩.૩ ભાનુશંકર વ્યાસની વાર્તામાં ડાયસ્પોરિક વલણો

ભાનુશંકર વ્યાસ પાસેથી 'મેળાનાં પંખી' (૧૯૬૧) અને દરિયાની પાંપણમાં સૂરજ પલકે (૧૯૮૭) જેવા બે વાર્તાસંગ્રહો મળ્યાં છે. આ સંગ્રહોમાંથી 'સમસ્યાનું નિરાકરણ', 'સૂરમિલાતટ', 'ભર્યું ભર્યું એકાન્ત', 'યુથેનેસિયા ? હું ક્યાં એમાં માનું છું ?' વગેરે જીવી વાર્તાઓમાં આફ્રિકાના પરિવેશની સાથે સાથે ભારતીય ડાયસ્પોરાએ વેઠેલી યાતનાઓને સર્જકે વાચા આપી છે. આ વાર્તાઓમાંથી ભારતીય અને આફ્રિકન સંસ્કૃતિનું સમન્વય થયેલો પણ જોઈ શકાય છે.

❖ ૩.૪ ભાનુશંકર વ્યાસની નવલકથામાં ડાયસ્પોરિક વલણો

'આ પાર પેલે પાર' (૧૯૬૨) અને 'શ્યામલ તેજ શ્વેત પડછાયા' (૧૯૮૭) નવાકથામાંથી પ્રગટ થતાં ડાયસ્પોરિક વલણોનો અભ્યાસ કર્યો છે.

❖ ૩.૫ ભાનુશંકર વ્યાસના ડાયસ્પોરિક સાહિત્યનું સાંસ્કૃતિક અને સાહિત્યિક મૂલ્યાંકન

પ્રસ્તુત પ્રકરણમાં અંતર્ગત ભાનુશંકર ઓધવજી વ્યાસના સાહિત્યમાંથી પ્રગટતી ડાયસ્પોરિક લાક્ષણીકતાઓને કેન્દ્રમાં રાખી તેમના સાહિત્યનું સાહિત્યિક અને સાંસ્કૃતિક મૂલ્યાંકન કર્યું છે. તેમના સાહિત્યમાં આફ્રિકન પ્રજા અને ભારતીય પ્રજાનો આંતરસંબંધ વિશેષ રીતે પ્રગટ થાય છે. આફ્રિકા અને ભારતીય સંસ્કૃતિનું સમંવય તેમના સાહિત્યમાં જોવા મળે છે.

પ્રકરણ ૪.૧ દીપક બારડોલીકર : સર્જક પરિચય

દીપક બારડોલીકરના જીવન ઝરમરની મહત્ત્વની તવારીખો અને તેમને સાહિત્યકાર તરીકે ઘડનારા પરિબળો અને સાહિત્યસર્જન માટેના પ્રેરકબળોની પણ અહીં વાત કરી છે.

❖ ૪.૨ દીપક બારડોલીકરની કવિતામાં ડાયસ્પોરિક વલણો

દીપક બારડોલીકર પાસેથી 'પરિવેશ', 'મોસમ', 'વિશ્વાસ', 'આમંત્રણ', 'તલબ', 'એની શેરીમાં', 'ગૂલમોરના ઘૂંટ', 'હેલો અષાઢનો', 'ચંપા અને ચમેલી', 'તડકો તારો પ્યાર', 'હવાના પગલાં', 'સોનેરી ધૂળ' જેવા કાવ્યસંગ્રહો મળ્યાં છે. આ સમગ્ર સંગ્રહોના સંચયરૂપે તેમની પાસેથી 'કુલ્લિયાતે દીપક' જેવો સંગ્રહ પણ મળ્યો છે. સર્જકની રચનાઓમાં ઘર, જન્મભૂમિ –બારડોલી, વતન –સુરત, લંડન વગેરે સ્થળો ઉપરાંત જીવનમાં પોતાને વેઠવી પડેલી પીડાઓ, દુઃખદર્દ અને વ્યથા બધું જ સાહિત્યના વિષય બનીને આવે છે.

❖ ૪.૩ દીપક બારડોલીકરની આત્મકથામાં ડાયસ્પોરિક વલણો

સાહિત્યમાં સૌથી ઓછો ખેડાતો કોઈ સાહિત્ય સ્વરૂપ હોય તો તે આત્મકથા છે. ગુજરાતી સાહિત્યમાં પણ બહુ ઓછા સર્જકોએ આત્મકથાઓ લખી છે, ત્યારે 'ઉછાળા ખાય છે પાણી' દીપક બારડોલીકરની 'ઓપિનિયન' સામયિકમાં પ્રગટ થયેલી પહેલી અત્મકથા છે. પાછળથી 'સાંકળોનો સીતમ' નામે તેનો બીજો ભાગ પણ આપણને મળે છે. આ આત્મકથામાં અર્જક જીવનની વાસ્તવિક અનુભૂતિઓ નિરૂપણ પામેલી હોઈહોઈ એક આગવું દસ્તાવેજીકરણ પણ બની રહે છે. સ્થળાંતરણની પીડાઓ વચ્ચે સર્જકને જ્યારે જેલવાસ ભોગવવો પડે છે

તેની આપવીતી પણ સર્જકે આ આત્મકથામાં નોંધી છે. એ દષ્ટીએ આ આત્મકથાનું આગવું સાહિત્યિક અને સાંસ્કૃતિક મૂલ્ય છે.

❖ ૪.૪ દીપક બારડોલીકરના ડાયસ્પોરિક સાહિત્યનું સાંસ્કૃતિક અને સાહિત્યિક મૂલ્યાંકન

સર્જક પોતે ભારત-પાકિસ્તાન અને પછી બ્રિટન એમ ત્રણે ભૂમિમાં બે-બે દાયકાઓ કરતાં વધારે રહ્યા છે એટલે ત્રણે દેશની સંસ્કૃતિ વિશે સારો એવો અનુભવ ધરાવે છે. ત્રણ સંસ્કૃતિઓ તેમના સાહિત્યમાંથી પ્રગટ થાય છે એ દષ્ટિએ દીપક બારડોલીકરના સર્જનનું સાંસ્કૃતિક મહત્ત્વ છે. આથી તેમની ડાયસ્પરિક રચનાઓનું સાહિત્યિક અને સાંસ્કૃતિક મૂલ્યાંકન કરવાનો પ્રયત્ન રહ્યો છે.

પ્રકરણ ૫.૧ પન્ના નાયક : સર્જક પરિચય

પન્ના નાયકના જીવન ઝરમરની મહત્ત્વની તવારીખો અને તેમને સાહિત્યકાર તરીકે ઘડનારા પરિબળો અને સાહિત્યસર્જન માટેના પ્રેરકબળોની પણ અહીં વાત કરી છે.

❖ ૫.૨ પન્ના નાયકની કવિતામાં ડાયસ્પોરિક વલણો

પન્ના નાયક પાસેથી 'પ્રવેશ' (૧૯૭૫), 'ફિલાડેલ્ફીઆ' (૧૯૮૧), 'નિસ્બત' (૧૯૮૪), 'અરસપરસ' (૧૯૮૯), 'આવનજાવન' (૧૯૯૧), 'રંગ ઝરૂખે' (૨૦૦૪), 'ચેરિ બ્લોસમ્સ' (૨૦૦૪), 'અત્તર અક્ષર' (૨૦૧૧), 'ગુલમહોરથી ડેફોડિલ્સ' (૨૦૧૨), 'અંતિમે' (૨૦૧૪)જેવા કાવ્યસંગ્રહો મળ્યાં છે. તેમની સમગ્ર કવિતાઓનું સંપાદન વર્ષ ૨૦૦૦માં 'વિદેશિની' નામે પણ પ્રગટ થયું છે.  પન્ના નાયકની મોટાભાગની કવિતાઓમાં પરદેશમાં એકલતાનો, પરાયાપણાનો, સ્વજનોની યાદ, યાંત્રિક એકવિધતાનો, ધરઝુરાપો-વતન વિચ્છેદની સંવેદના અને નવી ભૂમિમાં રોપાઈને જીવવાની મથામણ, સંઘર્ષ, પોતાની માતૃભાષા, સંસ્કૃતિ તરફનો લગાવ, તેને પરિણામે ઊભી થતી વિપરીત પરિસ્થિતિઓને વાચા આપી છે. સ્ત્રી સંવેદન તેમના કાવ્યોમાં બહુ બળકટ સ્વરૂપે પ્રગટતો જોવા મળે છે. સ્ત્રી જેવી છે તેવી જ રીતે કશા છોછ કે દંભ વિના, સંસ્કૃતિના કે વિકૃતિના આડંબર વિના, માત્ર એક વ્યક્તિ તરીકે પ્રગટતી તેમની કવિતાઓમાં જોઈ શકાય છે.

❖ ૫.૩ પન્ના નાયકની વાર્તામાં ડાયસ્પોરિક વલણો

પન્ના નાયક પાસેથી એકમાત્ર વાર્તાસંગ્રહ 'ફ્લેમિન્ગો' (૨૦૦૩) મળે છે. આ સંગ્રહમાંની 'લેડી વિથ અ ડૉટ', 'નિત્યક્રમ', 'વળાંક', 'ઊડી ગયો હંસ', 'નૉટ ગિલ્ટી', 'ફ્લેમિન્ગો', 'ગૌતમ ?' જેવી વાર્તાઓમાં ભારતીય અને પશ્ચિમી સંસ્કૃતિના જીવનમૂલ્યો વચ્ચે સમન્વય અને સંઘર્ષના લીધે પેદા થતી મૂંઝવણ વ્યક્ત થઈ છે. ભારતીયતાને ટકાવી રાખવાની મથામણ પણ આ વાર્તાઓમાંથી પ્રગટતી દેખાય છે.

❖ ૫.૪ પન્ના નાયકના ડાયસ્પોરિક સાહિત્યનું સાંસ્કૃતિક અને સાહિત્યિક મૂલ્યાંકન

પન્ના નાયકના સાહિત્યમાં નારી હંમેશા કેન્દ્રસ્થાને રહી છે. આ નારીના મૂળ ભારતમાં છે પણ તે વસે છે વતનથી દૂર પરદેશમાં. પરદેશમાં રહેવા છતાં સ્વદેશ હજી છૂટ્યો નથી અને પરદેશને પૂરે પૂરો સ્વીકારી શકાયો નથી. આ બે અવસ્થાઓ વચ્ચે આ ભારતીય ડાયસ્પોરા સ્ત્રી જીવે છે જેના મનની વિવિધ દશાઓને આ કવયિત્રિએ વાચા આપી છે. ભાનુશંકર વ્યાસ, બળવંત નાયક અને દીપક બારડોલીકરના સાહિત્યમાં આવે છે તેના કરતાં પન્ના નાયકના સાહિત્યમાં સ્ત્રી અલગ જ રીતે પ્રગટે છે. આમ, તેમના સાહિત્યમાંથી પ્રગટતી મુખ્ય લાક્ષણિકતાઓને ઉપસાવી આપી તેમના સમગ્ર સાહિત્યને આ ડાયસ્પોરિક દષ્ટિકોણથી તપાસવાનો અહીં ઉપક્રમ રહ્યો છે.

❖ પ્રકરણ ૬ તારણો

પ્રસ્તુત પ્રકરણ અંતર્ગત સમગ્ર શોધનિબંધમાંથી પસાર થતાં પ્રાપ્ત થયેલ તથ્યો અને તારવેલ તારણો અહીં જણાવીશ. પસંદ કરેલા ચારેય સાહિત્યકારોના વિશેષો એમના સાહિત્યમાં કેવી કેવી રીતે પ્રગટ્યા છે એ દર્શાવવાનો પણ અહીં ઉપક્રમ રહ્યો છે. આ ચારેય સર્જકોની એકબીજા સાથે તુલના કરી તેમના સાહિત્ય વચ્ચે રહેલા સામ્ય-ભેદો વિશે પણ પ્રકાશ પાડ્યો છે. છેલ્લે ગુજરાતી સાહિત્યમાં ડાયસ્પોરિક સાહિત્યની પ્રસ્તુતતા અંગે ચર્ચા કરી છે.

## પરિશિષ્ટ ૧

A Presentation Under Departmental Coursework (Phase - I) for Ph.D. Students –

"'ડાયસ્પોરિક વાર્તાઓ' વિશે" તૈયાર કરેલ સંશોધન પેપર અહીં રજૂ કરેલ છે.

## પરિશિષ્ટ ૨

A Presentation Under Departmental Coursework (Phase - II) for Ph.D. Students –

"'અમેરિકાવાસી કેટલાક ગુજરાતી સર્જકો' વિશે" તૈયાર કરેલ સંશોધન પેપર અહીં રજૂ કરેલ છે.

## પરિશિષ્ટ ૩

A Presentation Under Departmental Coursework (Phase - III) for Ph.D. Students –

'સાહિત્યિક સંશોધકની સજ્જતા' વિશે તૈયાર કરેલ સંશોધન પેપર અહીં રજૂ કરેલ છે.

## પરિશિષ્ટ ૪ : સંદર્ભગ્રંથ સુચિ

સંશોધન કાર્ય માટે ઉપયોગમાં લીધેલ સંદર્ભગ્રંથોની સૂચિ અત્રે રજૂ કરી છે.

## પરિશિષ્ટ ૫ : વ્યક્તિનામ સુચિ

સંશોધનકાર્યમાં ઉલ્લેખિત અને પ્રત્યક્ષ રીતે અધ્યયન માટે ઉપયોગમાં લીધેલ કૃતિઓની સૂચિ અત્રે રજૂ કરી છે.

## પરિશિષ્ટ ૬ : કૃતિ સુચિ

સંશોધનકાર્ય અંતર્ગત જેમનો ઉલ્લેખ થયો છે એવા કર્તાઓ – વિવેચકો અને અન્ય વ્યક્તિ વિશેષોના નામોની સૂચિ અત્રે રજૂ કરી છે.